સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

ખાય તેનું જ ખોદે છે, ખાયકીમાં ખચકાતા નથી !
લઈ જાય મારણ છડેચોક શરમાતા નથી !
લજવાતા નથી, કરી જાય કોળિયો કાયદાનો -
ગીરના હોય કે બેન્કના, સિંહો સચવાતા નથી!

હાઈકુ

મૃગજળમાં
કરો નૌકા વિહાર
કચ્છના રણે...

સિંહ ડણકે,
ને દીપડા ઘૂરકે
પાટનગરે...

ચિંતન

બાતુલ ભૂત બિબસ મતવારે, તે નહિં બોલહિં બચન બિચારે ।
જિન્હ કૃત મહામોહ મદ પાના, તિન્હ કર કહા કરિઅ કહિં કાના ॥

ઉપરોક્ત સાખી રામચરિત માનસમાંથી લેવામાં આવેલ છે.

જેમને સન્નિપાત થઈ ગયો છે, જે પાગલ છે, જે ભૂતપ્રેતને વશ છે, જે નશામાં ઉન્મત્ત છે, તે લોકો વિચાર કરીને બોલતા નથી. જેમણે મહામોહરૂપી મદિરા પીધી છે, તેમનાં વચનો સાંભળવા ન જોઈએ.

જે મોહમાયાના બંધનમાં બધાયા છે તેમનું મન-વિચાર મોહવશ - ભૂત-પ્રેત જેવા અજ્ઞાની તત્ત્વોથી ઘેરાયેલાં છે તેમનો પોતાના આચાર-વિચાર પર પણ જરા શરખો કાબૂ હોતો નથી. મોહવશ યાંત્રિકતા એ તેમને ભૂતપ્રેત જેવાં જ બનાવી નાખ્યાં છે.

સુવિચાર

- આપણું સેવ્યપદ છૂપું રાખીને સેવકભાવે આપણે કામ કરવું - **આમસૂત્ર**
- 'કાર્ય' એ આધિ, વ્યાધિને ઉપાધિ ને હટાવવાનો માનવજાતે અજમાવેલો આજ સુધીનો મહાન ઉપાય છે - **ગુણવંત શાહ**
- ગદ્ય જયાં અસમર્થ છે ત્યાં કવિતા જન્મ લે છે - **નિરંજન ભગત**
- ઈશ્વર પ્રેમ વિના ઈન્દ્ર જેવું ઐશ્વર્ય પણ નકામું છે - **ભાણદેવ**
- જે ઈશ્વર સંબંધે પ્રશ્નો પૂછે છે તે ભૂલ કરે છે, અને જે જવાબ આપે છે તે પણ ભૂલ કરે છે - **ભગવાન બુદ્ધ**
- આશાવાદી માને છે કે જગત સર્વોત્તમ છે. નિરાશાવાદીને બીક છે કે કદાચ એ સાચું પણ હોય - **ફાધર વાલેસ**
- આજનું ઔષધ : શેરડીના રસના ટીપા નાકમાં નાખવાથી નસકોરીમાં પડતું લોહી બંધ થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક ગૃહસ્થાના ઘરે એના અંધ મિત્ર મળવા આવ્યા. બંને વર્ષો પછી મળ્યા એટલે વાતોમાં રાત પડી ગઈ. અંધમિત્ર એ રજા માંગી એટલે યજમાન મિત્રએ કહ્યું, 'આ સળગતું ફાનસ તું હાથમાં રાખ. અને ઘરે પહોંચી જાજે, અંધારા રસ્તે આ ફાનસ, તને મદદરૂપ થશે.' અંધમિત્રે હસતાં હસતાં કહ્યું, 'અરે દોસ્ત, હું તો આંધળો છું, તો મારી પાસે ફાનસ હોય કે ના હોય એમાં શું ફેર પડે? મારા માટે તો દિવસે પણ અંધારું અને રાત્રે પણ અંધારું જ છે.' યજમાન મિત્રએ કહ્યું, 'મને ખબર છે દોસ્ત, પણ આ પ્રકાશિત ફાનસ તારા હાથમાં હશે તો રસ્તામાં તારી સાથે કોઈ અથડાશે નહી.' અંધમિત્રને આ વાતમાં વિશ્વાસ બેઠો. અને ફાનસ લઈ ઘર તરફ પ્રણાય કર્યું. હજી એકાદ કિલોમીટર ચાલ્યા હશે ત્યાં એમની સાથે કોઈ અથડાયું અને હાથમાંથી ફાનસ પડી ગયું. અંધ મિત્રએ બૂમ પાડી. કહ્યું, 'અરે ભાઈ, હું તો આંધળો છું એટલે મને તો કંઈ દેખાતું નથી પણ તમને પણ મારા હાથમાં રહેલું ફાનસ ન દેખાયું ? તમે પણ અંધ છો કે શું ? અથડાયેલ માણસે કહ્યું, 'મને માફ કરજો સજ્જન, મને તો બધું જ દેખાય છે પણ કદાચ આપને ખબર નથી કે તમે હાથમાં જે ફાનસ લઈને નીકળ્યા છો એની જ્યોત તો બુઝાઈ ગઈ છે. તો પછી મને આ અંધારામાં ક્યાંથી કંઈ દેખાય ?' સારા પુસ્તકો અને સજ્જનોનો સંગ યજમાન મિત્રની જેમ પ્રજ્જવલિત ફાનસ હાથમાં આપવાનું કામ કરે છે પણ એની જ્યોત બુઝાઈ ન જાય તે ધ્યાને આપણે રાખવાનું હોય છે નહીંતર ફાનસ હાથમાં હોવા છતાં કંઈ કામમાં ન લાગે.

શંકરસિંહ : સંભાવનાઓથી સભર નેતૃત્વ

તંત્રીસ્થાનેથી...

ગુજરાતનું રાજકારણ ફરી એક વાર ડહોળાઈ રહ્યું છે. આગામી લોકસભાની ચૂંટણી પૂર્વે ગુજરાતમાં શંકરસિંહ વાઘેલા પ્રેરિત ત્રીજું પરિબળ સક્રિય થઈ જવાની સંભાવના ઊભી થઈ છે. જો કે હજી કોઈ ચોક્કસ આકાર આપી શકાયો નથી, પરંતુ પીઢ રાજકારણી શંકરસિંહ વાઘેલા માટે ક્ષેત્ર સંન્યાસની કલ્પના જ દુષ્કર છે. કયારેક રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સ્વયંસેવક અને જૂના જનસંઘના અગ્રણી કાર્યકર રહેલા આ નેતાએ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીને બળૂકી બનાવવામાં સિંહફાળો આપ્યો હતો તે ઐતિહાસિક સત્ય નકારી શકાય એવું નથી. કેશુભાઈ પટેલ જેટલો જ મહત્ત્વનો રોલ શંકરસિંહ વાઘેલાનો રહ્યો છે અને સાંસદ તેમજ કેન્દ્રીય મંત્રી તરીકેના એમના યોગદાનથી ગુજરાત વાકેફ છે. આ એક એવા ખમતીધર નેતા છે જે રાષ્ટ્રીય નેતાઓ માટે પોતાની સંસદની બેઠક છોડી અજાણ્યા વિસ્તારમાં જઈને પણ ચૂંટાતા રહ્યા છે. એ રીતે શંકરસિંહ વાઘેલાએ ગાંધીનગર, સાબરકાંઠા, કપડવંજ કે ગોધરા બેઠકો પર લડત આપી એમના વર્ચસ્વની પ્રતીતિ કરાવેલી છે. ગુજરાતનું એવું કોઈ ગામ નહીં હોય જયાં વાઘેલા બાપુનો કોઈ ને કોઈ રાજકીય અનુયાયી કે શુભેચ્છક નહીં હોય. આવા સમર્થ નેતાને 'ખજૂરાહો કાંડ' સમજી ખુદ પોતાની જ કારકિર્દીને પલીતો ચાંપવાની ભૂલ કરી ન હોત તો કદાચ ગુજરાતનો જ નહીં, ભારતનો ઈતિહાસ પણ જુદી રીતે લખાતો હોત. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકારણના ઘણા બધા પાઠ વાઘેલા પાસેથી શીખેલા છે. ફરક એટલો છે કે બાપુએ વારંવાર ઉતાવળા નિર્ણયો કરી 'કેસરિયાં' કર્યાં છે. કેશુભાઈ પટેલની સરકાર ઉથલાવી ત્યારે એ ખાસ્સા અળખામણા બન્યા હતા અને કોંગ્રેસ સાથેની તત્કાલીન મૈત્રી લાંબી નહોતી ચાલી. એ પછી રાષ્ટ્રીય જનતા પાર્ટીનું કોંગ્રેસમાં વિલીનીકરણ કરી દઈ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અને કેન્દ્ર સરકારના કેબિનેટ મંત્રી તરીકે પણ આરૂઢ થયા છતાં એક તબક્કે એમાંથી પણ રાજીનામું આપી નવરા થઈ ગયા. અહમદ પટેલને રાજયસભાની ચૂંટણીમાં હરાવવા નીકળ્યા હતા અને એક તબક્કે એમાં સફળ પણ થઈ ગયા હોય એવું લાગતું હતું પણ બાપુના જ બે ધારાસભ્યોએ ચૂંટણીપંચના આદેશ વિરુદ્ધ અટકચાળું કરતાં અહમદ પટેલને જીવતદાન મળી ગયું અને બાપુના મનની મનમાં જ રહી ગઈ. તે વખતે બધાને એમ જ લાગેલું કે હવે બાપુ ભાજપમાં ઘરવાપસી કરશે. પરંતુ બાપુએ એને બદલે ભાજપ સામે જ મોરચો માંડવાના સંકેતો આપ્યા છે તથા મહાગઠબંધનના મહત્ત્વના નેતા તરીકે ઊભરી આવ્યા છે. ટેકેદારોની હાજરીમાં એમણે સ્પષ્ટતા કરી છે કે ભાજપ સાથે કોઈ પણ સંજોગોમાં જોડાશે નહીં, એક વાર થૂંકેલું ફરી ચાટશે નહી. કોંગ્રેસ ન છોડી હોત તો કદાચ ગુજરાતમાં કોંગ્રેસની સરકાર હોત અને બાપુ જ મુખ્યમંત્રી હોત. પરંતુ એ ગાડીમાંથી તો જાતે જ કૂદકો મારીને ઊતરી ગયા છે. બાપુ પ્લેટફોર્મ પર ઊભા છે. ગુજરાતના રાજકીય જંકશન પર ભાજપ અને કોંગ્રેસ સિવાયની કોઈ ગાડી ચાલી શકે એમ નથી એટલું સમજતા હોવાથી હવે જરૂર પડ્યે કોંગ્રેસને જિતાડવા પ્રચારમાં ઊતરશે તે નક્કી છે. શંકરસિંહ વાઘેલા જેવો એક સમર્થ રાજનેતા આજે ત્રિભેટે ઊભો છે. એમને ઉંમર જરૂર થઈ છે પરંતુ તરવરાટ શમ્યો નથી. મોરારજી દેસાઈ ૮૧માં વર્ષે વડાપ્રધાન થઈ શકતા હોય તો શંકરસિંહ વાઘેલા એ વયે ગુજરાતના નાથ કેમ ન બની શકે ? રાજકારણમાં સારી-નરસી બધી જ સંભાવનાઓ પડેલી છે.

ધી સાયબર એપેલેટ ટ્રીબ્યુનલની કામગીરી

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ટેકનોલોજીના યુગમાં જેમ જેમ કોમ્પ્યુટર, મોબાઈલ, ઈન્ટરનેટ જેવા સાધનોનો વપરાશ તથા વ્યવહાર વધતો જાય છે તેમ તેમ તેના ગુન્હામાં વધારો થતો જાય છે. આવનાર યુગ સાયબર ક્રાઈમ યુગ તરીકે ઓળખવામાં આવશે મોટાભાગના નાણાકિય ફોડના કેસો સાયબર ક્રાઈમના નોંધાશે જેને અંકુશમાં મુકવા માટે કેન્દ્ર સરકારે જાહેરનામુ બહાર પાડીને એક અથવા વધુ અપીલ ટ્રીબ્યુનલની સ્થાપના કરેલ છે જે સાયબર ટ્રીબ્યુનલ તરીકે ઓળખાશે.

ધી ઈન્ફોમેશન ટેકનોલોજી એકટ ૨૦૦૮ ની કલમ ૧૦ મુજબ ટ્રીબ્યુનલની સ્થાપના કરવામાં આવી છે. ટ્રીબ્યુનલના અધ્યક્ષ અને સભ્યોની પસંદગી ચીફ જસ્ટીસની સાથે વાટાઘાટો કરીને રાજય સરકાર કરશે.

સાયબર એપેલેટ ટ્રીબ્યુનલની ખંડપીઠો ન્યુ દિલ્હી અને કેન્દ્ર સરકાર આ ટ્રીબ્યુનલમાં અધ્યક્ષ સાથે વાટાઘાટો કરી ઓફિસીય રાજપત્રમાં પ્રસિધ્ધ કરે એટલી જગ્યાએ સ્થાપવામાં આવે છે અને જાહેરનામું બહાર પાડી તેમના હુકમ વિસ્તારની માહિતી દર્શાવામાં આવે છે.

એક યા બે અથવા ત્રણ સભ્યોની બેન્ચ સાયબર ક્રાઈમના કેસોનો નિર્ણય કરશે. જેમને ઈન્ફોમેશન ટેકનોલોજી, ટેલી કોમ્યુનીકેશન, ઈન્ડસ્ટ્રી, મેનેજમેન્ટ અથવા ગ્રાહકોની બાબતમાં ખાસ જ્ઞાન હોય અથવા તેના અનુભવી હોય તેને ટ્રીબ્યુનલના અધ્યક્ષ તરીકે નિમણુંક આપવામાં આવે છે. જે રાજય સરકારની સેવામાં હોય એડિશનલ સેક્રેટરી ટુ ધી ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયાનો હોદ્દો અથવા તેની સમકક્ષ હોદ્દો સંભાળ્યો હોય તેમને અધ્યક્ષ તરીકે ચીફ જસ્ટીસની સાથે વાટાઘાટો કરી નિમણુંક આપી શકાય છે. ગ્રેડ-૧ માં પાંચ વર્ષનો અનુભવ હોય તેમને સભ્ય તરીકે નિમણુંક આપવામાં આવે છે આવો હોદ્દો ધારણ કર્યાથી પાંચ વર્ષની મુદ્દત સુધી હોદ્દા ઉપર રાખી શકાશે. વધુમાં વધુ ૬૫ વર્ષ ન થાય ત્યાં સુધી હોદ્દો ધરાવી શકે છે જેને નોકરીમાંથી નિવૃત્તી મેળવી અધ્યક્ષ તરીકેનો હોદ્દો સંભાળવાનો રહે છે.

સાયબર એપેલેટ ટ્રીબ્યુનલના અધ્યક્ષને સામાન્ય દેખરેખ અને તેને માર્ગદર્શન આપવાની સત્તાઓ રહેશે. ઠરાવેલ સત્તાની મર્યાદામાં કામકાજ સંભાળવાનું રહે છે એક બેંચમાં ચાલતા કેસો બીજી બેંચમાં પક્ષકારની મરજીથી ટ્રાન્સફર કરી શકશે અને ખંડપીઠ બહુમતીથી નિર્ણય લેશે. સભ્ય તથા અધ્યક્ષના પાંચ કમીટી મેમ્બરના નિર્ણયથી ઠરાવો કરવામાં આવશે. કેન્દ્ર સરકારને ઉદ્દેશીને તેમના પદ ઉપરથી રાજીનામું આપી શકશે.

સાયબર એપેલેટ ટ્રીબ્યુનલના અધ્યક્ષને તેના હોદ્દા ઉપરથી સરકારના આદેશ સીવાય દૂર કરી શકાશે નહિ. ગેરવર્તન જેવી બાબતો પર સુપ્રિમ કોર્ટના ન્યાયાધિશને તપાસ કરી શકશે અને અધ્યક્ષને તેમની સામેના આક્ષેપો જણાવી સાંભળવાની વ્યાજબી તક આપશે. કેન્દ્ર સરકારને કોઈ વ્યક્તિને સાયબર એપેલેટ ટ્રીબ્યુનલના અધ્યક્ષ, સભ્ય નીમે તો તેનો કોઈપણ આદેશ સામે કોઈપણ પ્રશ્ન ઉઠાવી શકશે નહી પંચમાં યોગ્ય લાગે તેવા અધિકારીઓ અને નોકરો અધ્યક્ષ નીમી શકશે જે અધ્યક્ષની સામાન્ય દેખરેખ મુજબ સત્તા અને અધિકાર મુજબ કાર્યો કરશે નોકરીની શરતો કેન્દ્ર સરકાર ઠરાવે તે મુજબની રહેશે.

કોઈપણ વ્યક્તિ આ અધિનિયમ મુજબ કન્ટ્રોલર અથવા તટસ્થતાથી નિકાલ કરનાર અધિકારીના ફેંસલાથી નારાજ હોય તેને સાયબર એપેલેટ ટ્રીબ્યુનલને અપીલ કરી શકશે પેટા કલમ-૧ મુજબ કરવામાં આવેલ અપીલનો સમયગાળો ૪૫ દિવસનો રહેશે. અપીલ નમૂનામા ઠરાવેલ ફોર્મ તથા ફી સાથે સ્વીકારવામાં આવશે. સમય મર્યાદા માફ કરવાની સત્તા ટ્રીબ્યુનલ અધ્યક્ષને સ્વતંત્રતા આપવામાં આવી છે યોગ્ય વ્યાજબી કારણોસર સમયમર્યાદા માફ કરી અપીલ દાખલ કરી શકશે.

અપીલ મળ્યાથી છ માસના સમયગાળામાં તેનો નિકાલ કરવાનો રહેશે. ૧૯૦૮ ના સીવીલ પ્રોસીજર કોડમાં દર્શાવેલી કાર્યરીતી ટ્રીબ્યુનલને બંધનકારક નથી પરંતુ તે કુદરતી ન્યાયના સિધ્ધાંતોને અનુસરશે અને આ અધિનિયમની બીજી જોગવાઈઓને તથા નિયમોને આધીન રહેશે. ટ્રીબ્યુનલને પોતાની કાર્યરીતીનું નિયમન કરવાની સત્તા છે અને કઈ જગ્યાએ બેઠક યોજવી તે પણ નક્કિ કરવાની ટ્રીબ્યુનલ અધ્યક્ષને સત્તા છે. કોઈપણ વ્યક્તિને સમન્સ નોટીસ પાઠવી હાજર રહી જવાબ નિવેદન લઈ શકશે દસ્તાવેજો અને સાક્ષીની તપાસ કરી શકશે પોતાના ફેંસલાઓ કે ચુકાદાનું પુનઃનિરીક્ષણ કરી શકશે. જે કલમ ૧૯૩ અને ૨૨૮ ઈન્ડીયન પીનલ કોડના અર્થમાં તથા કલમ ૧૯૩ ના અર્થમાં દરેક કાર્યવાહીને ન્યાયીક કાર્યવાહી ગણવામાં આવશે અને સાયબર પંચને ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ના પ્રકરણ ૨૬ ના હેતુઓ માટે દિવાની અદાલત ગણાશે ૧૯૬૩ ના સમય મર્યાદા અધિનિયમની જોગવાઈઓ સાયબર એપેલેટ ટ્રીબ્યુનલને લાગુ પડશે.

સાયબર એપેલેટ ટ્રીબ્યુનલના કોઈ આદેશથી અથવા ચુકાદાથી જેને અસંતોષ થયો હોય તેવી કોઈપણ વ્યક્તિ સાયબર એપેલેટ ટ્રીબ્યુનલનો ચુકાદો તેને મળે તેની સામે ૬૦ દિવસમાં હાઈકોર્ટમાં અપીલ કરી શકાશે એપેલેટ ટ્રીબ્યુનલને દંડ કરવાની સત્તા આપવામાં આવી છે.

ધનનું ધન બાલશિક્ષણથી નીખરી શકે

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગાઢવી

છેલ્લાં પચાસ વર્ષમાં ઘણી શોધો થઈ છે. ચંદ્ર પર અને સૂર્યમંડળમાં રોકેટો, ઉપગ્રહો મોકલવાની અદ્‌ભૂત શોધો માણસે કરી છે.

પણ છેલ્લાં પચાસ વર્ષમાં થયેલી મોટામાં મોટી શોધ હું બાલશિક્ષણશાસ્ત્રની ગણું છું. મારી અફર શ્રદ્ધા છે કે જો માણસજાતને મુક્તિનો અનુભવ લેવો હશે તો તેણે બાલશિક્ષણની શોધ પાસે આવવું પડશે. ત્યારે જ મુક્તિનું સાચું પ્રભાત ઊઘડશે.

'યુનેસ્કો'ના ખતપત્રની પ્રસ્તાવનામાં કહ્યું છે તેમ, યુદ્ધ પહેલાં માણસોના હૃદયમાં શરૂ થાય છે ને ત્યાં જ તેને ડામવું જોઈએ. કોરી જમીનમાં પડેલ તિખારો આપોઆપ ઓલવાઈ જાય છે. પણ ઘાસવાળી ભોંયમાં જો પડે તો જરૂર દાવાનળ લાગે છે. તિખારો ન પડે તે એક સાવચેતી; ને તિખારો પડે તો પણ આગ ન લાગે, આપમેળે બુઝાઈ જાય, તે બીજી સાવચેતી. બાળકેળવણીનું શાસ્ત્ર આ બીજા પ્રકારનું કામ કરે છે. એટલે જ બાળકેળવણીમાં કામ કરનારાઓને હું ઘણીં વાર શાંતિસૈનિકો કહું છું. શાંતિ સ્થાપવાનું કામ માત્ર આઈઝનહોવર, ખુશ્ચોવ કે વિનોબાજી જ નથી કરતા, પણ રાનીપરજનાં ઝૂંપડા પાસે વચ્ચે બાલવાડી ચલાવનાર ગ્રામસેવિકા પણ કરી રહેલ છે. કારણ કે તે પોતાની સંભાળમાં મુકાયેલાં ભૂલકાંઓમાં આક્રમક વૃત્તિનાં બીજ ન રહે તેની હિકમતથી કામ કરી રહેલ છે.

લડાઈનાં પડઘમ વાગે કે તરત જ આક્રમકને સંખ્યાબંધ સૈનિકો મળી રહે છે, તે શા કારણે ? સૈનિકો નોંધાવવાની પડાપડી થાય છે, જે રહી જાય તે ઘણી વાર રડે છે. તે શા માટે ? ઉનાળામાં ધરતી પર તરણું ય નથી હોતું, ને વરસાદ પડતાં હરિયાળું ઘાસ ઊગી નીકળે છે, તે શા કારણે ? ઘાસમાં સૂક્ષ્મ બીજો ત્યાં ધરતીમાં જ હતા, વરસાદ પડતાં તે બીજ ફૂટી નીકળ્યાં. આક્રમક વૃત્તિનાં બીજા ત્યાં ચિત્તની ભૂમિમાં વેરાયેલાં જ હતાં, અનુકૂળ ઘડી મળતાં જ તેને ફૂટી નીકળ્યાં. સંસ્કૃતિ, વિવેક, સારાસાર વૃત્તિ કશું ત્યાં કામ ન આવ્યું.

બાલશિક્ષણ અને બાલમાનસશાસ્ત્ર એમ કહે છે કે આ આક્રમક વૃત્તિ કાંઈ બાળકમાં પહેલેથી નથી હોતી. જિજીવિષા, સંરક્ષણની ઈચ્છા હોય તેને હોય છે, પણ આક્રમણની વૃત્તિ તો કુશિક્ષણનું જ પરિણામ છે, ને યોગ્ય શિક્ષણ તેને રોકી શકે છે.

જમાનાઓથી સાધુસંતો શાંતિનો ઉપદેશ દેતા આવ્યા છે. તેનું પરિણામ શા સારું આટલું ઓછું આવ્યું છે? ઈશુ કે ભગવાન તથાગથ, સંત ફ્રાંસિસ, એકનાથ કે તુકારામનાં ચારિત્ર્ય, જ્ઞાન અને કરુણા અપરિમેય હતા; પણ તેના સંસર્ગમાં આવેલામાંથી મોટા ભાગને તેઓ ચિત્તશાંતિ આપી શક્યા ? ને તેમના ગયા પછી પણ તેમના ઉપદેશનાં શ્રવણમનનથી કેટલાંનાં જીવતરનું પરિવર્તન થયું ? એમની મહત્તા અને ગુણવત્તા બંનેના પ્રમાણમાં પરિણામ કેટલું ? ગંગાના અનર્ગળ જીવનદાયી પ્રવાહમાંથી કેમ મબલખ પાક કયાંથી ઊતર્યો ? હું ઉત્તર આપવાનું સાહસ કરું ? આ મહાપુરુષોએ પોતાનો ઉપદેશ પ્રૌઢાને આપ્યો છે. તેમણે પોતાનું કાર્યક્ષેત્ર પ્રૌઢ-પરિવર્તનનું ગણ્યું હતું.

'મહાભારત'માં ભગવાન વ્યાસે એક માર્મિક પ્રસંગ મૂક્યો છે. દુર્યોધનને એક વાર વિદુર સમજાવે છે કે ભાઈભાઈના યુદ્ધનું પરિણામ કેવું ભયંકર આવે છે! દુર્યોધન એ બધું સાંભળીને કહે છે **જાનામિ ધર્મમ્ ન ચ મે પ્રવૃત્તિઃ, જાનામિ અધર્મમ્ ન ચ મે નિવૃત્તિઃ ।** (ધર્મ શું છે તે હું જાણું છું, પણ મારાથી તે પળાતો નથી, અને અધર્મ શું છે તે પણ હું જાણું છું પણ મારાથી તેમાંથી પાછું ફરાતું નથી.) સૌની ઓછેવત્તે અંશે આવી દયા હોય છે. આપણે દુર્યોધનની નાની-મોટી આવૃત્તિઓ છીએ; કારણ કે જ્ઞાન પછીથી આવે છે, આદતો-લાગણીનાં વલણ બાળપણમાં પડી ચૂક્યાં હોય છે. આથી ઉપદેશ આપણને એક બાજુ ખેંચે છે અને આદતો-લાગણીઓ બીજી બાજુ. આ ગજગ્રાહમાં, થોડાક સદ્‌ભાગીઓને બાદ કરીએ તો, બાળપણની આદતો અને લાગણીઓ જીતે છે. આ પૂજ્ય અને પ્રણમ્યની મહાપુરુષો પ્રત્યે પૂરા આદર રાખીને પણ એમ કહી શકાય કે એમને આની શરુઆત કરવી જોઈએ ત્યાંથી નો'તી કરી, એટલે તેમના પ્રયત્નનું પરિણામ ઓછું આવ્યું છે.

બાલશિક્ષણશાસ્ત્રનું બીજું વિધાન એ છે કે આક્રમક વૃત્તિનાં મૂળ બાલ્યાવસ્થામાં થયેલ નૈરાશ્યના અનુભવમાં છે. બાળકોનાં અપમાન અને નિરાશાના જે અનુભવો આપણા ઘરમાં, શેરીઓમાં ને શાળામાં થાય છે તે બાળકો ભૂલી નથી શકતા તેના હાથપગ નાના હોવાથી તે મૂંગા રહે છે, પણ તેમના ચિત્તના ચોપડામાં તેઓ તે સમાજને ખાતે ઉધારી રાખે છે. મોટા થતાં જ ચોપડો ખોલે છે ને પોતાનું લેણું સમાજ પાસેથી એક યા બીજી રીતે વસૂલ કરે છે. બાળકે નાનપણમાં અપમાનના અનુભવ કર્યા હોય છે, એટલે મોટી ઉંમરે તે કોઈને કોઈને પીડિત કર્યા સિવાય રહી શકતો નથી.

બાળકને જેટલી વાર નિરાશાનો અનુભવ આપણે કરાવીએ છીએ તેટલી તેની આત્મશ્રદ્ધાની ઈંટો એક પછી એક ખસેડીએ છીએ. ને જેની આત્મશ્રદ્ધા ગઈ તે તકે આવ્યે આક્રમક થાય છે, ને તક ન મળે ત્યાં સુધી અરજદાર રહે છે. તેને આપણે દબડાવ્યો, રોવડાવ્યો, હીણપત આપી; તેને થયું કે આનો બદલો કેમ લેવો ? પોતાનાથી કોઈ નાનો મળશે તેને તે દબડાવશે. બીજા દેશ પર આક્રમણનાં નગારાં વાગે ત્યારે તેમાં ભરતી થઈને દેશસેવાના નિમિત્તે મનમાં ભરી રાખેલાં અપમાનોની કોઈના પર દાઝ કાઢી પોતાની વડાઈ સાબિત કરશે.

કર્ણ ચીતરીને વ્યાસે ભગવાનને આપણને આ જ શિખામણ આપી છે. કર્ણને નાનપણમાં સૌએ અજ્ઞાતકુલશીલ ગણી તિરસ્કાર્યો. પણ કર્ણ બળવાન હતો એટલે એ સહન કરી બેસી ન રહ્યો. તેણે દુર્યોધન સાથે ભળી પાંડવ-કૌરવનું પાટે ચડવા ન દીધું. દ્રૌપદીના વસ્ત્રાહરણમાં, છળકપટ ભરેલા દ્યુતમાં, બધે તેને સાથ આપ્યો. કર્મ મોટો દાનવીર હતો. પોતાનાં કવચકુંડલ દાનમાં આપતાં તે અચકાયો ન હતો. શાસ્ત્રોનો પણ જાણકાર અને છતાંયે તેણે આવું કેમ કર્યું હશે ? નાનપણમાં અપમાનો-નિરાશા વેઠવાં પડેલાં તેનો બદલો લેવા કર્ણે આ બધું કર્યું. તેને ભણવું હતું તે માટો ખોટો વેષ લઈને તે પરશુરામ પાસે ભણવા જવું પડ્યું, ને ત્યાં પણ પકડાતાં શાપ મળ્યો. દ્રૌપદીને પરણવું હતું, પણ ભરસભામાં 'સૂતપુત્રને નહિ વરું' કહી દ્રૌપદીએ તેને અપમાનિક કર્યો. કૃપાચાર્યે કુમારોની પરીક્ષા વખતે 'તું રાજવંશનો પુત્ર નથી - તારાં માતાપિતા કોણ ?' કહી હાંસી કરી. ભીષ્મ તો તેને કાગડો કહેતા. આમ ચારે બાજુ નિરાશા ને અપમાન મળતાં બદલો લેવા તે અધર્મને પક્ષે ગયો, આક્રમણ કરનારાઓનું સોગઠું બન્યો. હજારો વર્ષ પર ભગવાન વ્યાસે જે કવિની દૃષ્ટિથી જોયું, તે જ બાલશિક્ષણકારોએ આજે વૈજ્ઞાનિક દૃષ્ટિથી શોધ્યું છે.

બાલશિક્ષણશાસ્ત્રીઓનું ત્રીજું વિધાન એ છે કે સંહારવૃત્તિનો અવેજ સર્જનવૃત્તિ છે. આક્રમણનો ઉપાય અંતઃતૃપ્તિ છે. જે સમાજ પોતાના બાળકો માટે તેમની વય, તેમની વૃત્તિ લક્ષમાં રાખીને સર્જનકાર્ય માટેની વ્યવસ્થા પોતાની શિક્ષણવ્યવસ્થામાં જ યોજે છે, તેને કોર્ટો-જેલો-લશ્કરોનું ખર્ચ ઓછું કરવું પડે છે. આત્મસંયમ નથી ત્યાં પરસંયમ-પરશાસન લાવવું પડે છે. એટલે જ પ્લેટોએ કહ્યું કે જે સમાજ યોગ્ય શિક્ષણ પાછળ વધારે ખર્ચ કરે છે તેને લશ્કર પાછળ ઓછું ખર્ચ આવે છે. આ આત્મસંયમ જેટલો નિગ્રહ થઈ આવે છે તેનાથી વિશેષ અંતઃતૃપ્તિથી આવે છે. જેને પોતાની પ્રવૃત્તિ કઈ તે જડી ગયું છે, તેને બીજાના કામમાં ડખલ કરવાની, બીજાની ટીકા કરવાની ફુરસદ જ હોતી નથી. ફૂલ પર બેઠેલી મધમાખીની જેમ તે રસ ચૂસવામાં તલ્લીન થઈ જાય છે. આપણામાંના મોટા ભાગને આંતરતૃપ્તિ નથી માટે બહાર દોડધામ કરીએ છીએ, વસ્તુઓના ગંજના ગંજ ખડકીને મોટા થવાન ખોટો ડોળ કરીએ છીએ, કારણ અંદર આપણું મન ખાલીખમ હોય છે.

બાળકોને એ અવસ્થાએ આપણે સ્વયંસ્ફુરિત પ્રવૃત્તિ કરવા દઈએ તો અંતઃતૃપ્તિ માટેનો તેમનો માર્ગ ખુલ્લો થશે ને બીજાને ડખલ કરવાનું, બીજાની ઈર્ષ્યા કરવાનું, બીજાને હલકાં પાડી મોટા થવાનું ઝેર તેમના સ્વભાવમાં નહિ પ્રવેશે. આ ઝેર શું આપણા સમાજમાં ઓછું છે ? આવો ઈર્ષ્યાળુ સમાજ, સમાજ કહી શકાય ખરો ? ઈર્ષાળુ વ્યક્તિઓ યુદ્ધની આગ ફેલાવનારાઓને સૂકા ઘાસની ગંજી જેવી ઉપયોગી નીવડે છે.

એટલે, બાલશિક્ષણનું કામ એક ધાર્મિક કામ છે, ને બાલશિક્ષકો શાંતિસૈનિકો છે. ભલે આવું કામ કરનારા શિક્ષકો ઝાઝા ન હોય, પણ જેટલા હોય તેટલા ભારે આદરને પાત્ર છે. કારણે કે સમાજના સ્વાસ્થ્યને સુખ માટે તેઓ પાયાનું કામ કરી રહ્યા છે. આપણા ધન, માલ, આબરૂ, સુખાશા એ બધાંને માટે આપણે વારે વારે શેરબજાર, પોલીસ કે અદાલત તરફ જોઈએ છીએ. તેને બદલે આપણા બાલમંદિરો તરફ જોતા, બાલમંદિરો પાસેથી મદદ માગતા થઈએ તો સંભવ છે કે આપણી આશા વહેલી સફળ બને કે ધનનું ધન આખરે તો આપણા સુશીલ બનાવવાની મોટામાં મોટી શક્યતા યોગ્ય બાલશિક્ષણમાં છે.

- મનુભાઈ પંચોળી

nehalgadhavi101@gmail.com

વિરાટ વ્યક્તિત્વોના યુગમાંથી વામણાઓના યુગમાં અવતરણ

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

શાસકો અને રાજકીય નેતાઓના હોદ્દા તો એના એ જ રહે છે,પણ એ હોદ્દે બેસનારાં વ્યક્તિત્વો બદલાયા કરે છે.એમની કક્ષા બદલાય છે.ભારતીય આઝાદીના સંગ્રામમાં સામેલ જે વિરાટ અને ખુલ્લા દિલનાં વ્યક્તિત્વો જોવા મળતાં હતાં, એની તુલનામાં આજના યુગમાં રાષ્ટ્રીય અને પ્રદેશ કક્ષાએ વામણાં વ્યક્તિત્વોની બોલબાલા અને ચલણ વધ્યાનું સતત અનુભવાય છે. આધુનિક ભારતીય ઈતિહાસ પર નજર નાંખવામાં આવે તો પહેલાંનાં વ્યક્તિત્વોમાં જૂઠાણું ઓકતાં શરમની અનુભૂતિ થતી હતી,આજે એ સાર્વત્રિક બની ગયું લાગે છે.વાત કોઈ એક પક્ષની નથી, તમામ રાજકીય પક્ષો અને ક્ષેત્રોની આવી જ દુર્દશા છે.વાતો ગાંધીજીની થાય છે.સત્ય અને અહિંસાની વાત કરવામાં આવે છે, પણ વ્યવહારમાં એનું મુદ્દલ પણ આચરણ નથી.અબી બોલા અબી ફોકનો જમાનો છે.ક્યારેક જુબાન આપીને અબજોનો ધંધો કરનાર હીરા ઉદ્યોગમાં છાસવારે કરોડોનું કરી નાંખીને પેઢીઓ ઊઠી જવા માંડી છે.માત્ર રાજકારણમાં જ જૂઠાણાંનો મહિમા વધ્યો નથી,સમાજનાં તમામ ક્ષેત્રોમાં ફેક વાતો અને ફેક ન્યૂઝ કે ફેક વચનો ચાલવા નહીં, દોડવા માંડ્યાં છે. આવા યુગમાં પ્રત્યેક ક્ષણે પ્રત્યેક વાતને નીરક્ષીર કર્યા વિના માની લેવા જતાં તો ખરા અર્થમાં વીમો અનુભવાય છે.સામેની વ્યક્તિ ગમે તેટલી વિશ્વાસુ હોય પણ એને ભ્રમિત કરીને જૂઠાણાં માનવા પ્રેરવામાં આવે અને એ જૂઠાણાંને સત્યસ્વરૂ